**લારી-ગલ્લાના ભાડા વસૂલાતમાં લાલીયાવાડી અને ભ્રષ્ટાચારની ફરિયાદો બાદ મ્યુનિસિપલ કમિશનરની લાલ આંખ**

# મ્યુ કમિશનર: 'કામ કરો અથવા જગ્યા ખાલી કરો', 19 વોર્ડના ભાડા ક્લાર્કોના ટેબલ બદલી નાખ્યા

**કુલ** 38 કર્મચારીઓની આંતરિક અદલાબદલીથી પાલિકામાં સન્નાટો

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં લાંબા સમયથી ચાલી આવતી શિથિલતા અને કામચોરી સામે મ્યુનિસિપલ કમિશનરે આકરું વલણ અપનાવ્યું છે. શહેરના તમામ 19 વોર્ડમાં ભાડા ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની કામગીરી અંગે વ્યાપક ફરિયાદો ઉઠતા, કમિશનર અરુણ મહેશ બાબુએ શનિવારે સાંજે એક ઝાટકે તમામ 19 ભાડા ક્લાર્કની બદલીના આદેશ જારી કર્યા છે.

આ સામૂહિક બદલીના પગલે પાલિકાના રાજકારણ અને વહીવટી આલમમાં ભારે ગરમાવો આવી ગયો છે. પાલિકાના સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, શહેરના મુખ્ય માર્ગો પર ઊભા રહેતા લારી-ગલ્લાઓ, પાથરણાવાળાઓ અને અન્ય હંગામી દબાણો પાસેથી ભાડું, વહીવટી ચાર્જ અને સફાઈ વેરો વસૂલવાની જવાબદારી આ રેવન્યુ ક્લાર્કો ભાડા ક્લાર્ક ની હોય છે. જોકે, છેલ્લા ઘણા સમયથી કમિશનરને એવી બાતમી મળી રહી હતી કે ઘણા વોર્ડમાં ભાડાની વસૂલાત નિયમિત થતી નથી. ખાસ કરીને વસૂલાત અને દેખરેખની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવતી હતી. કેટલાક કિસ્સાઓમાં કર્મચારીઓની મિલીભગત હોવાની આશંકા પણ સેવવામાં આવી હતી, જેના કારણે પાલિકાની આવક પર સીધી અસર પડી રહી હતી. સમગ્ર મામલાની ગંભીરતાને જોતા કમિશનરે કોઈ પણ પ્રકારની કારણદર્શક નોટિસ આપ્યા વિના સીધા જ બદલીના ગાળા છૂટા કર્યા છે.

જે 19 ક્લાર્કોની બદલી કરવામાં આવી છે, તેમને વોર્ડ કચેરીઓમાંથી ખસેડીને પાલિકાની મુખ્ય કચેરી ખાતે અલગ-અલગ વિભાગોમાં બિન-મહત્વની જગ્યાઓ પર મૂકી દેવામાં આવ્યા છે. તેમની જગ્યાએ વહીવટી તંત્રના અન્ય વિભાગોમાં ફરજ બજાવતા 19 બિન-વિવાદાસ્પદ ક્લાર્કોની પસંદગી કરી તેમને 19 વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે. આમ, કુલ 38 કર્મચારીઓની અરસપરસ બદલી કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરના આ કડક નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વહીવટમાં પારદર્શિતા લાવવાનો અને આવકના સાધનોને વેગ આપવાનો છે. પાલિકાના વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ બદલી માત્ર શરૂઆત છે; જો આગામી દિવસોમાં પણ નવા ક્લાર્કોની કામગીરીમાં સુધારો નહીં જણાય અથવા જૂના કર્મચારીઓ સામેના આક્ષેપો પુરવાર થશે, તો વધુ કડક શિક્ષાત્મક પગલાં પણ લેવાઈ શકે છે. આ નિર્ણય દ્વારા કમિશનરે તમામ કર્મચારીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પ્રજાના ટેક્સની રકમ અને પાલિકાની આવક સંબંધિત કામગીરીમાં સહેજ પણ બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. હાલ તો, રજાના દિવસે લેવાયેલા આ મોટા વહીવટી નિર્ણયને કારણે પાલિકાના અન્ય વિભાગોના કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### વહીવટી તંત્રમાં ક્લીનઅપ ઓપરેશન: શા માટે લેવાયો આકરો નિર્ણય?

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા ઘણા સમયથી વોર્ડ સ્તરે લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ પાસેથી વસૂલવામાં આવતા ભાડા અને સફાઈ ચાર્જમાં મોટાપાયે ગેરરીતિ અને ઢીલાશની બૂમો ઉઠી હતી. આધારભૂત સૂત્રો મુજબ, અનેક વોર્ડમાં ભાડા ક્લાર્કો દ્વારા ચોપડે વસૂલાત ઓછી બતાવી માનીતાઓને છાવરવામાં આવતા હોવાના અહેવાલો કમિશનર સુધી પહોંચ્યા હતા. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ આ બાબતને અતિ ગંભીર ગણી, શનિવારે રજાના માહોલ વચ્ચે જ એકાએક ઓર્ડર કાઢી તમામ 19 ક્લાર્કોને મેઈન ઓફિસ ખાતે બદલી દીધા છે. આ નિર્ણય દ્વારા સંદેશ આપવામાં આવ્યો છે કે સરકારી આવકને નુકસાન પહોંચાડનાર કે કામગીરીમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે આગામી દિવસોમાં હજુ પણ આકરી તપાસ અને શિસ્તભંગના પગલાં લેવાઈ શકે છે.

# માંડવી પતંગ બજારમાં ખરીદીનો ધમધમાટ શરૂ થયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

શહેરનું હૃદય ગણાતા માંડવી વિસ્તારમાં આજે રવિવાર રજાના દિવસ, લગ્નસરાની સિઝન અને નજીક આવી રહેલા ઉત્તરાયણ પર્વના કારણે ભારે ભીડ જોવા મળી હતી. બજારમાં લોકોની અવરજવર વધતાં ખરીદીનો માહોલ જામ્યો હતો, જેના પરિણામે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે માંડવી માર્ગ પર પતંગ અને દોરીની દુકાનો સાથે પીપુડા, રંગબેરંગી માસ્ક અને ટોપીઓ વેચતા વિક્રેતાઓ પણ ઉતરી આવ્યા છે. બાળકો અને યુવાનોમાં આ વસ્તુઓની ખરીદી માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. માર્ગ પર વિક્રેતાઓની હાજરી અને ખરીદદારોના કારણે ટ્રાફિકની ગતિ ધીમી પડી હતી, જોકે પોલીસ અને ટ્રાફિક બ્રિગેડ દ્વારા વ્યવસ્થા જાળવવાના પ્રયાસો કરાયા હતા. ત્યારે રૂ. ૧૦,૦૦૦ના મોબાઈલની ખરીદી પર પતંગ-ફિરકી ફ્રી..! આ ભીડ વચ્ચે, માંડવી સ્થિત આવેલી એક જાણીતી મોબાઈલની દુકાનના માલિકે ગ્રાહકોને આકર્ષવા માટે અનોખી ઓફર જાહેર કરી છે. દુકાન દ્વારા રૂ. ૧૦,૦૦૦ કે તેથી વધુ કિંમતના મોબાઈલ ફોનની ખરીદી પર પતંગ અને ફિરકી (દોરી) તદ્દન ફ્રીમાં આપવાની જાહેરાત કરવામાં આવી છે. દુકાનના માલિકે આ અંગે જણાવ્યું હતું કે, "અત્યારે ઉત્તરાયણની સીઝન છે અને લોકો પતંગ-દોરીની ખરીદી કરી રહ્યા છે. અમે વિચાર્યું કે ગ્રાહકોને મોબાઈલની ખરીદી સાથે પતંગ અને ફિરકીની ભેટ આપીને તેમની ઉત્તરાયણની મજા બમણી કરીએ.

# નંદેસરી GIDCમાં બોઈલર ટ્યુબ લીકેજ થતાં યુવાન કર્મચારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા4

નંદેસરી GIDC વિસ્તારમાં આવેલ એક સ્ટીમ હાઉસમાં કંપનીમાં (Steam H o use) બોઈલરની ટ્યુબ લીકેજ થ વાના કારણે ગંભીર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં ૨૭ વર્ષીય કર્મચારી વિપુલ ગોહિલ ઈજાગ્રસ્ત થ તા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સાત મ હિના પહેલા જ કંપનીમાં જોડાયેલ વિપુલ ગોહિલ નામના ૨૭ વર્ષીય કર્મચારી બોઈલર પાસે ફરજ પર હતો, ત્યારે અચાનક બોઈલરની ટ્યુબમાં ગંભીર લીકેજ થવાથી તેમાંથી નીકળેલ વરાળ અને ગરમ પાણીના કારણે વિપુ લ ગોહિલ ગંભી ર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટના અંગે કંપની સત્તાધીશો દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. બોઈલર ટ્યુબમાં લીકેજ થવા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. નંદેસરી GIDC માં આવેલ અન્ય ઔદ્યોગિક એકમોમાં પણ સુરક્ષાના ધોરણોની ચકાસણી થવી જરૂરી છે, તેવો મત સ્થાનિક લોકો અને કામદારો વ્યક્ત કરી રહ્યા છે.

**વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો**

# ફતેગંજ ઓવરબ્રિજ પર શોર્ટ સર્કિટ,વાયરોમાં સ્પાર્કિંગ થતા આગના તણખા રોડ પર પડ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના ફતેગંજ ઓવરબ્રિજ પર શોર્ટ સર્કિટની ઘટના બની હતી. બ્રિજ પરના વાયરોમાં સ્પાર્ક થયા બાદ તણખા નીચે રોડ પર પડ્યા હતા. જ્યાં રોડ પર આગ લાગી હતી.જેને કારણે પસાર થતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

વડોદરા શહેરમાં વિચિત્ર આગ લાગવાની ઘટના સામે આવી છે આ આગની ઘટના ઓવરબ્રિજ ઉપર બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના ફતેગંજ ઓવરબ્રિજ નીચે કેબલમાં સ્પાર્ક થયા બાદ તણખા નીચે પડતા રોડ પર આગ લાગી હતી. ફતેગંજ ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહેલા કોઈ કેબલ વાયરમાં શોર્ટ સર્કિટ થયા બાદ તેના તણખા સતત નીચે પડ્યા કર્યા હતા. જેના કારણે રોડ પર આગ લાગી હતી. બીજી તરફ આ માર્ગ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો હતો. જ્યારે આ દ્રશ્યો માર્ગ પરથી પસાર થઈ રહેલા એક ચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યા હતા. સદ નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે કોઈ દુર્ઘટના બની હોત તો જવાબદાર કોણ તેવા સવાલો ઉઠવા પામ્યા હતા.

# હરી સેવા ઈશ્વરીબાઈ બક્ષાણી ઈંગ્લીશ એકેડેમીમાં 21માં વાર્ષિક ઉત્સવની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી હરિ સેવા સ્કૂલ દ્વારા વાર્ષિક ઉત્સવનું આયોજન પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ માં "ઉર્જા" ના શીર્ષક હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આશરે 350 જેટલા વિદ્યાર્થીઓએ જુદા જુદા ડાન્સ, ગરબા, નાટક વગેરે સ્ટેજ પરફોર્મન્સ કરીને આમંત્રિત મહાનુભાવોને ચકિત કરી દીધા હતા, અને લગભગ 80 જેટલા વિદ્યાર્થીઓને એકેડેમિક એકસીલેન્ટ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શાળાના ટ્રસ્ટી શ્રીઓ ,સિંધી સમાજના અગ્રણીઓ, આચાર્યશ્રી, શિક્ષકો વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ વગેરે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહને બેવડો કર્યો હતો.

# વડોદરા મધ્યસ્થ જેલ ખાતે "બાળ રમતોત્સવ"નું આયોજન

વડોદરા મધ્યસ્થ જેલ ખાતે સ્ટાફ પરિવારના બાળકોમાં શારિરીક ફિટનેસ તથા ખેલદિલીની ભાવના કેળવાય તે હેતુસર"બાળ રમતોત્સવ" નું આ યો જ ન કરવામાં આવેલ હતુ, જેમા કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ, બેડમિન્ટન, રસ્સા ખેંચ, લીંબુ ચમચી, દોડ, કો થળા દોડ, સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરવામાં આવેલ હ તુ . આ રમતોત્સવમાં સ્ટાફ પ રિવારના ૧૧૮ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

# વડોદરામાં 'સન્ડે ઓન સાયકલ'માં 500થી વધુ રાઈડર્સ ઉમટ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા મિશન'થી પ્રેરાઈને વડોદરાના ઐતિહાસિક લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમની 55મી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મિનિસ્ટ્રી ઓફ યુથ એન્ડ સ્પોર્ટ્સ અફેર્સ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 500થી વધુ સાયકલ સવારો અને શહેરના અગ્રણી મહાનુભાવો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમમાં વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશી, મ્યુનસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, પૂર્વ ભારતીય ક્રિકેટર રાજેશ ચૌહાણ, એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલિસ્ટ નંદિની અગાસરા, ભાજપ શહેર પ્રમુખ પ્રકાશ સોની સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનસિપલ કમિશનર અને અન્ય અધિકારીઓએ પોતે સાયકલ ચલાવીને નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાનો સંદેશ આપ્યો હતો.

**૫૦૦ દિવેટવાળી ભવ્ય મહાઆરતી યોજાઇ**

# બી.એ.પી.એસ. બાલ-બાલિકાઓએ સુરસાગરમાં રેલાવ્યો સંસ્કૃતિના સૂરનો સાગર

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતી આગામી ૨ ફેબ્રુઆરીએ વડોદરામાં ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવાવાની છે. આ મહોત્સવની પૂર્વભૂમિકા રૂપે રવિવાર સાંજે બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.) દ્વારા સુરસાગર તળાવ ખાતે આયોજિત વિશિષ્ટ વૈદિક કાર્યક્રમએ વડોદરા શહેરને ઐતિહાસિક ક્ષણોની સાક્ષી બનાવી દીધું.

માત્ર ૬ થી ૧૪ વર્ષની વયના ૬૫૨ બાળકો અને ૬૪૦ બાલિકાઓ - એમ કુલ ૧૨૯૨ બાળ વિદ્વાનોએ ૩૧૫ સંસ્કૃત શ્લોકો ધરાવતા સત્સંગ દીક્ષા ગ્રંથને કંઠસ્થ કરી વૈદિક ઋત્વિજોની માફક યજ્ઞવિધિ કરી, સાંજના ચાર વાગ્યે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સાવિત્રીબેન ઠાકુર તથા પ્રખર શિક્ષણવિદ તેજલબેન અમીનના આગમન પ્રસંગે નાની વિદુષી બાલિકાઓએ સ્વાગત-અભિવાદન કરી તેમને મુખ્ય યજ્ઞકુંડ સુધી દોરી ગયા. સ્વાગત બાદ સમગ્ર પરિસરમાં વૈદિક શાંતિપાઠનું સમૂહ ગાન ગુંજી ઉઠ્યું. મુખ્ય યજ્ઞકુંડ ખાતે યજ્ઞદીપ પ્રજ્વલન સાથે ફુગ્ગાઓને ગગનમાં છોડવામાં આવ્યા અને એકસાથે ૨૯૨ યજ્ઞકુંડોમાં ૧૨૯૨ બાળકો દ્વારા યજ્ઞનો આરંભ થયો. માત્ર બાળકો દ્વારા આયોજિત આ મહાયજ્ઞે અનોખું કીર્તિમાન સર્જ્યું. યજ્ઞની પૂર્ણાહુતિ દરમિયાન સંસ્થાના સદગુરુ સંત ત્યાગવલ્લભ સ્વામી સાથે વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, સાંસદ ડૉ. હેમાંગભાઈ જોષી, વિધાયક યોગેશ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ જયપ્રકાશ સોનીએ બાળકો સાથે આહુતિ અર્પણ કરી.

# તરસાલી ઉમા વિદ્યાલય ખાતે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સમજ અપાઈ

વડોદરા : તરસાલી વિસ્તારમાં આવેલી ઉમા વિદ્યાલય ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમમાં નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક શાખા પૂર્વ- તેજલ પટેલ દ્વારા શાળાના ટ્રસ્ટી વાલીઓ અને 1500 જેટલા વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી રોડ ડિસિપ્લિન, ટ્રાફિકના નિયમો, માર્ગ સલામતી , ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી ઈમર્જન્સી નંબર, ટ્રાફિક સાઈન, રોડ સેફ્ટી પર ધ્યાનમાં રાખવા જેવી બાબતો અને જરૂરી કાળજી વિશે સમજ આપવામાં આવી હતી સાથે જ ટ્રાફિક નિયમોનું પાલન કરવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

**ગુજરાતના નેતાઓની દિલ્હી યાત્રા**

# હવે તો કંઈક થશે!" – આશાનો સળવળાટ ફરી પાછો થયો !

શુક્રવારે મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ દિલ્હી પહોંચ્યા અને વડોદરા સહિત ગુજરાતના સ્થાનિક નેતાઓના મનમાં ફરી એકવાર લાઈટ ફુલ થઈ ગઈ! "હવે તો મારું નામ આવશે", "આ વખતે તો બોર્ડ-નિગમ પાક્કું", "મારું ફાઈલ નંબર તો ઉપર સુધી પહોંચી ગયું છે" - આવા સંવાદો ફરી ચા-પાનની બેઠકમાં ગૂંજી ઉઠ્યા છે.

દિલ્હી મુલાકાતની ખબર બહાર આવતા જ વર્ષોથી વેઈટિંગ લિસ્ટમાં બેઠેલા નેતાઓ ફરી તૈયાર. કોઈએ વોટ્સએપ DP બદલ્યું, કોઈએ જૂના ફોટા કાઢ્યા, તો કોઈએ અચાનક જ દિલ્હી સંપર્કો યાદ કરવા શરૂ કરી દીધા. કારણ એક જ - "કદાચ આ વખતે આપણી લોટરી લાગી જાય!"

સૂત્રો કહે છે કે બેઠકમાં સંગઠન, સરકાર, બોર્ડ-નિગમ, જવાબદારીઓ બધું ચર્ચાયું. પણ હકીકત એ છે કે ચર્ચા જેટલી થાય, નામ એટલા જ વધારે થાય - અને ખુરશીઓ તો એટલી જ રહે! એટલે આશા બધાને, બેઠક થોડાને.

જેઓ ગઈ વખત " જ્ઞાતિના સમીકરણમાં રહી ગયા", "સમય અનુકૂળ ન હતો", "ઉપરથી ફોન ન આવ્યો" - એવા વસવસામાં પક્ષના કાર્યક્રમોમાં વહેલા પહોંચી જઈ આગળની સીટ મેળવી લઈ સિનિયર હોવાના આત્મસંતોષમાં રાચતા નેતાઓ હવે ફરી ગણતરીમાં છે. અને જેમને બધું મળી ગયું છે, તેઓ પણ ચુપ નથી કારણ કે રાજકારણમાં "હોય તે પણ ઓછું જ લાગે!"

દિલ્હી યાત્રા બાદ હવે ગુજરાતમાં એક જ સવાલ ફરતો રહે છે - "કોનો નંબર લાગશે?" "કોનું નામ કપાશે?" "અને કોને ફરી પાંચ વર્ષ રાહ જોવાની સલાહ મળશે?"

હાલ તો સ્થિતિ એવી છે કે દિલ્હી ગયા તે નેતાઓ શાંત, પણ ગુજરાતના નેતાઓ બેચેન!

હવે જોવાનું એ જ છે કે આ દિલ્હી યાત્રા નિયુક્તિની યાદી લાવશે, કે પછી ફરી એક વાર નેતાઓને સમજાવાશે - "સમય આવશે થોડી રાહ જુઓ!"

### ભાજપના 'પ્રમોશન પામેલા' નેતાજીની વિનંતી, "કમલમ નહીં, સાહેબ થોડો સમય વડોદરા જ રાખો!"

વડોદરા જિલ્લાના એક મોટા થઈ ગયેલા (અને પોતાને પણ મોટા જ માનતા) નેતાજીને આખરે "પ્રમોશન" મળ્યું. પ્રદેશમાં લઈ ગયા, ફોટા પડ્યા, સન્માન થયું, હારતોરા થયા, સોશિયલ મીડિયા પર પોતે અને ગામ આખાએ પોસ્ટ્સ કરી, સ્મિત એટલું પહોળું કે કેમેરા થાકી જાય! મંચ પરથી ભાષણ આપતા-આપતા જે ક્યારેય તેમને સિરિયસલી લેતા નથી એવા પેપરવાળાઓને પણ બે ચાર મીઠી "ગાળો" ફેંકી દીધી - આખું પેકેજ પૂરું! બહારથી બધું મસ્ત. પણ અંદરખાને નેતાજીના દિલમાં ઘંટડી વાગી ગઈ! કારણ? આગળ આવી રહી છે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી, અને બોનસમાં બરોડા ડેરી જેવી મોટી સહકારી સંસ્થાઓની જંગ! અહીં તો "વટ" પણ પડે અને "સિક્કો" પણ ખણખણાય!હવે પ્રશ્ન એવો કે - જો વડોદરા છૂટી જાય, જો અહીંથી એકડો ઉડી જાય, તો પછી પૂછે કોણ? ભાવ મૂકે કોણ? એટલે સાહેબ, હવે નેતાજી ઉપરવાળાઓ આગળ કરગરતા દેખાય છે

"ચૂંટણી સુધી વડોદરામાં જ રહેવા દો"

"પછી પ્રદેશ લઈ જજો, દિલ્હી મોકલજો, જે કરવું હોય તે કરજો!"

અર્થ એટલો જ સાફ છે - પ્રમોશન સરસ, સન્માન ગજબ, પણ વડોદરા વગર રાજકારણ સૂકું!

હવે જોવાનું એ રહ્યું કે પ્રદેશના સાહેબો આ નેતાજીની આજીજી પર કેટલું રીઝે છે, કે પછી કહેશે - "સાહેબ, હવે તો ઉપર ગયા નીચે જોવા સમય ક્યાં છે?"

### પ્રમોશન પાર્ટી' વચ્ચે પીઢ કાર્યકરનો કરૂણ કટાક્ષ : ખુરશીઓ તમે જ ભરી લેશો તો કાર્યકરો બેસે ક્યાં?

વડોદરામાં પ્રદેશમાં પ્રમોશન પામેલા નેતાઓના સન્માન સમારોહમાં તાળીઓ તો ઘણી વાગી, પણ પડઘો એક પીઢ કાર્યકરની હૈયાવરાળનો વધારે સંભળાયો– એવી ચર્ચા છે કે યુવા નેતાને સીધું કહી દેવામાં આવ્યું: "સાહેબ, તમે જ્યાં જ્યાં ખાલી ખુરશી દેખાય ત્યાં બેસી જશો, તો આશા લઈને રાત-દિવસ પોસ્ટર ચોંટાડનારા કાર્યકરો માટે કઈ ખુરશી ખાલી રહેશે?" આ એક વાક્યે ભાજપની નવી કોર્પોરેટ કાર્યશૈલી સામે મોટા સવાલ ઊભા કરી દીધા. રાજનીતિ Ltd.માં આપનું સ્વાગત છે! એક સમય હતો– નેતા કહેતોઃ "હું જનતાનો સેવક છું." આજે નેતા કહે છેઃ "હાઈકમાન્ડ બોલાવે તો પહેલા હાજરી

લગાવું!" રાજનીતિ હવે વિચારધારા નથી, એ તો એક પ્રાઈવેટ લિમિટેડ કંપની બની ગઈ છે. પાર્ટી = માલિક હાઈકમાન્ડ = CEO નેતાઓ = પગારદાર સ્ટાફ અને જનતા? જનતા તો ફક્ત શેરહોલ્ડર– પણ ડિવિડેન્ડ ક્યારેય નહીં! આજના નેતાની લાયકાત ચેકલિસ્ટ

જનસેવા, સિદ્ધાંત જમીન પરનું કામ, બિલકુલ નહીં. અહીં તો ચાલે છે લોબી, ભલામણ અને

"હા સાહેબ, બિલકુલ સાહેબ!" પક્ષ કહે–બેસો. નેતા બેસે. પક્ષ કહે–બોલો. નેતા બોલે. પક્ષ કહે–ચુપ રહો. નેતા સ્મિત સાથે મૌન વ્રત રાખે. કારણ કે અહીં આત્મસન્માન કરતાં ટિકિટ વધુ કિંમતી છે. હવે નેતાઓ પાસે ડાયરી નથી કારણ કે ડાયરી તો હાઈકમાન્ડ પાસે જ હોય છે. ક્યારે કોને બોલાવવો, કોને આગળ બેસાડવો, અને કોને "વિરામ" પર મોકલવો– બધું ઉપરથી નક્કી! પહેલા નેતા જનતાને જવાબ આપતો. હવે નેતા જનતાને અવગણે અને પાર્ટીને સલામ ભરે. અને જો કોઈ નેતા ભૂલથી જનતાની વાત કરી બેસે? તો તરત ડિસિપ્લિન મેમો આવી જાય–

"પાર્ટી લાઈનમાં ચાલો, નહિ તો લાઈનની બહાર!" આ રાજનીતિ છે કે HR ડિપાર્ટમેન્ટ? અહીં પ્રમોશન કામ પરથી નથી મળતું, મળે છે વફાદારીના સર્ટિફિકેટ પરથી. રજા? હાઈકમાન્ડ ઈચ્છે ત્યારે જ! અંતે એક જ સવાલ બાકી રહે છે– નેતા જનતાનો છે કે પાર્ટીનો?

અને જનતા હજુ કેટલો સમય આ "કંપની"ના વચનો પર વિશ્વાસ કરશે? કારણ કે જ્યારે રાજનીતિ સંપૂર્ણ રીતે Ltd. બની જાય, ત્યારે જનતા ફક્ત એક જ કામ કરે છે– દર પાંચ વર્ષે ફરીથી અરજી કરે છે આશા સાથે, કે કદાચ આ વખતે કોઈ સાચો "સેવક" મળશે.

### સંસ્કારી નગરીમાં 'કુ-સંસ્કાર ઉત્સવ' ચાલુ :'હોતા હૈ, ચાલતા હૈ' વડોદરાનું અઘોષિત સ્લોગન

વડોદરા–ક્યારેક શિસ્ત, સંસ્કાર અને વ્યવસ્થાનું પોસ્ટરબોય ગણાતું શહેર. આજે? ખાડા, ગટર અને થીગડાંની લાઈવ પ્રદર્શની! કાગળ પર 'સ્માર્ટ સિટી', જમીન પર 'સ્ટંટ સિટી'–દરેક ખાડો એક સાહસ, દરેક ખુલ્લી ગટર એક ચેલેન્જ! વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર વર્ષોથી એક જ મહામંત્ર પર અડીખમ છે–

"હોતા હૈ ચાલતા હૈ!" અને આ મંત્રનું યજમાન? સીધી-સાદી, નિયમિત ટેક્સ ભરતી જનતા. વિકાસના ગુલાબી પોસ્ટર, અંદરથી કાળી હકીકત દરેક છ મહિને કરોડોના વિકાસના બ્રોશર છપાય છે, ફોટામાં રોડ ચમકે, ગટર અદૃશ્ય હોય, અને અધિકારીઓના ચહેરા પર 'અમે તો બધું કરી રહ્યા છીએ'નું સ્મિત!

પણ વાસ્તવમાં? શાસક પક્ષમાં એકતા એટલી કે એક હાથને ખબર નથી બીજો હાથ ક્યાં છે.

વિઝન? એ તો ફાઈલમાં બંધ, સ્ટેમ્પની રાહ જોઈ રહ્યું છે! આ ગુંચવણનો સૌથી મોટો લાભ કોને? ભ્રષ્ટ અને બેદરકાર અધિકારીઓને! ડ્રેનેજનું કામ એવું કે ખુલ્લી ગટર જાણે શહેરની નવી ઓળખ બની ગઈ છે. અકસ્માત નહીં સાહેબ, આ તો 'તંત્ર રચિત ઘટના' છે! તાજેતરમાં એક નવયુવાન જીવ ગુમાવે છે, પણ ચાલો, એને અકસ્માત કહીને ફાઈલ બંધ કરી દઈએ! કારણ કે અહીં જવાબદારી લેવી એ તંત્ર માટે સૌથી મોટો ગુનો છે. ખુલ્લી ડ્રેનેજ + બેદરકારી = જીવલેણ કોમ્બો અને પછી થોડું શોક, બે નિવેદન, અને પાંચ દિવસમાં બધું ફરી "ચાલતું"! પરિવાર નિરાધાર થાય છે, માસૂમ બાળકો ભવિષ્ય વિનાના થાય છે પણ પ્રશ્ન એ છે: શું કોઈ અધિકારી આ જવાબદારી લેશે? કે પછી 'દેખાડું જાગરણ' કરીને મામલો દફન? સંસ્કારી નગરીમાં 'કુ-સંસ્કાર' કેટલા દિવસ? હવે પ્રબુદ્ધ નાગરિકો પણ પૂછવા લાગ્યા છે– "આ કુ-સંસ્કારોનો અંત ક્યારે?" ટેક્સ પેયર્સના પૈસા ક્યાં જાય છે? કાગળમાં કે ખાડામાં? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? કે પછી એક પછી એક બલિદાનથી સંતોષ માનવાનું છે? હવે માત્ર આશ્વાસન નહીં, એક્શન જોઈએ! વડોદરાવાસીઓ હવે ભાષણથી થાકી ગયા છે. હવે જોઈએ છે– જવાબદારી પારદર્શિતા અને સાચું કામ જો વડોદરાને ખરેખર 'સ્માર્ટ' બનાવવું હોય, તો પહેલા એક કામ કરો સાહેબ– આ 'હોતા હૈ, ચાલતા હૈ' મોડેલને ખુલ્લી ગટર જેવી જ તાત્કાલિક બંધ કરો! નહીં તો સંસ્કારી નગરી માત્ર નામે સંસ્કારી રહેશે, હકીકતમાં તો ચાલતું જ રહેશે!

# વાસદ પાસે મહીબ્રિજ ઉપરથી પસાર થતા વિશાળ ટ્રેલરે ભારે કરી, રોંગ સાઈડે ઘૂસતા ટ્રાફિક જામ

વડોદરા : વડોદરા શહેર બાદ હવે હાઈવે ઉપર પણ ટ્રાફિક નિયમનના લીરેલીરા ઉડ્યા છે. શહેર નજીકથી પસાર થતા હાઈવે નંબર 8 ઉપર એક કંપનીની એસએસની વિશાળ ટેન્ક લઈને પસાર થઈ રહેલું ટ્રેલર રોંગ સાઈડ ઘૂસતા અન્ય વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. વડોદરા શહેર અને હાઈવે પર દિવસેને દિવસે અકસ્માતોના બનાવવામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, તેમ છતાં પણ કેટલાય વાહન ચાલકો ટ્રાફિક નિયમનનું પાલન કરતા નથી અને તેના કારણે છાસવારે અકસ્માતોની ઘટના બનતી હોય છે. ત્યારે, આજે બપોરે વાસદ નેશનલ હાઈવે નંબર આઠ ઉપર એક ખાનગી કંપનીની એસએસની મોટી ટેન્ક લઈ ટ્રેલર પસાર થઈ રહ્યું હતું. જો કે તેણે વાસદથી મહી નદીના બ્રિજ ઉપર રોંગ સાઈડ ઉપર પ્રવેશતા સામેથી આવતા વાહનો મુશ્કેલીમાં મુકાયા હતા.